For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પોલીસને ત્રણ સુસાઈડ નોટ અને ત્રણ મોબાઈલ મળી આવતા પોલીસે કબજે કર્યા

# 33 લાખના દેવાના ટેન્શનમાં માતા-પુત્રી અને પુત્રે જીવન ટૂંકાવી લીધું

**માંડવીની** દલા પટેલની પોળમાં સોની પરિવારના ત્રણ સભ્યોની સામૂહિક આત્મહત્યા કેસમાં સગા સંબંધીઓના નિવેદન લેવાનું શરૂ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા તારીખ 29

વડોદરા શહેરના માંડવી વિસ્તારમાં આવેલી દલા પટેલની પોળમાં સોની પરિવારના ત્રણ સભ્યોના મૃતદેહ ઘરમાં પંખા સાથે લટકતી હાલતમાં મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. 50 વર્ષીય આરતીબેન સોની, તેમના પુત્ર નીલકંઠ સોની અને પુત્રી જેની સોનીના મોતથી પરિવારજનો સહિત સ્થાનિક લોકોમાં શોકની લાગણી ફેલાઈ છે. પ્રાથમિક તપાસમાં આર્થિક સંકdaમણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ અને ત્રણ મોબાઈલ ફોન મળી આવતાં પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

વડોદરા શહેરના માંડવી વિસ્તારમાં આવેલી દલા પટેલની પોળમાં રહેતા સોની પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ હતી. ગત સાંજના સમયે 50 વર્ષીય આરતીબેન સોની, તેમના પુત્ર નીલકંઠ સોની અને પુત્રી જેની સોનીના મૃતદેહ ઘરમાં પંખા સાથે લટકતી હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.

આરતીબેન સોનીના પતિનું આશરે એક વર્ષ અગાઉ હાર્ટ એટેકના કારણે અવસાન થયું હતું. પતિના મોત બાદ પરિવારે કયા સંજોગોમાં આટલું ગંભીર પગલું ભર્યું તે અંગે અનેક સવાલો ઊભા થયા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આર્થિક સંકટના કારણે આ ઘટના બની હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે. આ બનાવની તપાસ દરમિયાન પોલીસને ઘટનાસ્થળેથી એક સુસાઈડ નોટ અને ત્રણ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. પોલીસે આ તમામ વસ્તુઓ કબજે કરીને તપાસ શરૂ કરી છે. સુસાઈડ નોટમાં શું લખવામાં આવ્યું છે અને મોબાઈલ ફોનમાંથી કોઈ મહત્વપૂર્ણ માહિતી મળે છે કે કેમ તે તપાસનો વિષય બન્યો છે. બીજી તરફ, ત્રણેય મૃતદેહોનું પેનલ પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યા બાદ અંતિમવિધિ માટે પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. એક જ પરિવારના ત્રણ સભ્યોનાં મોતથી પોળમાં શોકનો માહોલ છવાયો છે. હાલ પોલીસ તમામ પાસાંઓને ધ્યાનમાં રાખીને વધુ તપાસ કરી રહી છે.



#### પરિવારના ચાર સભ્યોના મોત બાદ ત્રણેય તણાવમાં રહેતા

સોની પરિવારના ચાર સભ્યોનાં અવસાન બાદ પરિવારમાં બાકી રહેલા ત્રણ સભ્યો ભારે માનસિક તણાવમાં રહેતા હોવાનું જાણવા મળ્યું છે. મમ્મી, પપ્પા, ભાઈ અને પતિને ગુમાવ્યા બાદ પરિવારના સભ્યો આઘાતમાંથી બહાર આવી શક્યા ન હોવાનું જણાવાયું છે. સતત માનસિક તણાવ અને પારિવારિક દુઃખના કારણે તેમણે આ પગલું ભર્યું હોવાની ચર્ચા છે. જોકે, સામૂહિક આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસની તપાસ ચાલુ છે.

#### મકાન શૈલેશ પટેલને વેચી દીધાની ચર્ચા

સુસાઇડ નોટના પ્રથમ એક પેજ પર મકાનનો ઉલ્લેખ છે કે આરતીબેન સોની અને તેમનો પરિવાર જે મકાનમાં રહે છે, તે મકાન શૈલેશભાઈ પટેલને વેચી દીધેલું છે અને શૈલેશભાઈ પાસેથી 33 લાખ રૂપિયા લેવાના બાકી છે. સોની પરિવારના મામલે રૂ. 33 લાખની લોન અને આર્થિક મુશ્કેલીની વિગતો પણ સામે આવી છે. શૈલેશભાઈએ બેંકમાં લોનની રકમ ભરવાની હતી, જેથી બેંક તરફથી જરૂરી દસ્તાવેજી કાર્યવાહી પૂર્ણ થઈ શકે. આ માટે લોનનો નંબર પણ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. શૈલેશભાઈ સારા માણસ હોવાથી તેમને હેરાન કરવામાં આવ્યા ન હોવાનું જણાવાયું છે. જોકે, આર્થિક વ્યવહારો અને લોન સંબંધિત વિગતોની સત્તાવાર પુષ્ટિ થવી હજુ બાકી છે.

#### સુસાઈડ નોટમાં કામવાળી ઉષાબેન તેમના બહેન સમાન ઉલ્લેખ, હિન્દુ વિધિથી અંતિમ સંસ્કાર કરવાની વિનંતી

સોની પરિવારના ત્રણ સભ્યોના મોતના મામલે મળી આવેલી સુસાઈડ નોટના અન્ય પાનાંમાં કામવાળી ઉષાબેનનો ઉલ્લેખ હોવાનું જાણવા મળ્યું છે. ઉષાબેનને બહેન સમાન ગણાવી તેમને કોઈ હેરાનગતિ ન કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. અન્ય એક કાગળમાં ડિપ્રેશનના કારણે આ પગલું ભર્યું હોવાનું જણાવી ત્રણેયના મૃતદેહનું પોસ્ટમોર્ટમ ન કરવામાં આવે અને હિન્દુ વિધિ મુજબ અગ્નિસંસ્કાર કરવામાં આવે તેવી વિનંતી લખેલી હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ વિગતોની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે.

#### ગાડીના ત્રણ હપ્તા બાઉન્સ તથા ચેક બાઉન્સ નો પણ કેસ

સોની પરિવારની ગાડીના ત્રણ હપ્તા બાઉન્સ થયા હોવાનું જાણવા મળ્યું છે. 27 ઓક્ટોબર, 2026ના રોજ ગાડીનો હપ્તો નહીં ભરાતાં ત્રીજો હપ્તો પણ બાઉન્સ થયો હોવાની વિગતો સામે આવી છે. આ ઉપરાંત, દૂધવાળાના બે મહિનાના પૈસા પણ ચૂકવવાના બાકી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ચેક બાઉન્સનો કેસ પણ થયો હોવાનું જાણવા મળ્યું છે.

#### કોલ ડિટેઇલ્સ અને બેંક વ્યવહારોની તપાસ કરાશે

સોની પરિવારના ત્રણ સભ્યોના મોતના બનાવમાં પોલીસને માતા, પુત્ર અને પુત્રીના મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જોકે, ત્રણેય મોબાઈલ લોક હોવાથી તેમાંથી વિગતો મેળવી શકાઈ નહોતી. હવે મોબાઈલના લોક ખોલાવી કોલ ડિટેઇલ્સ સહિતની માહિતી મેળવવા ત્રણેય ફોન FSLમાં મોકલવામાં આવ્યા છે. બીજી તરફ, પરિવારના આર્થિક વ્યવહારોની વિગતો મેળવવા બેંક એકાઉન્ટની તપાસ પણ હાથ ધરી છે.

## ગણેશપુરા દુષ્કર્મ કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

ડેસર તાલુકાના ગણેશપુરા ગામ નજીક મહિલા પર બળાત્કાર ગુજારવાના કેસમાં સાવલીની અધિક સેશન્સ કોર્ટે આરોપી નગીનભાઈ ગોકળભાઈ પરમારને 10 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે રૂ.10 હજારનો દંડ પણ કર્યો છે. દંડ નહીં ભરે તો વધુ છ મહિનાની સખત કેદનો હુકમ કર્યો છે. કેસની હકીકત મુજબ, 20 માર્ચ, 2023ના રોજ સવારે છ વાગ્યે ગણેશપુરા ગામ નજીક કોતરમાં કુદરતી હાજતે ગયેલી મહિલાને આરોપીએ બાથમાં ભરી, મોઢું દબાવી જમીન પર પાડી દીધી હતી. મહિલાએ પ્રતિકાર કરવા છતાં આરોપીએ તેની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. મહિલાની બૂમાબૂમ સાંભળી સંજયકુમાર છત્રસિંહ પરમાર દોડી આવતાં આરોપી મહિલાને ધક્કો મારી ભાગી ગયો હતો. કેસમાં સરકારી વકીલ સી.જી. પટેલે દલીલો રજૂ કરી હતી. મહિલાની જુબાની અને સાક્ષીઓના પુરાવાને આધારે આરોપીને દોષિત ઠેરવી સજા સંભળાવી હતી.

### રિપોર્ટ મોડા આવતા નાગરિકોના આરોગ્ય સામે ગંભીર સવાલો

# ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં આરોગ્ય વિભાગનું ચેકિંગ, નમૂના લેવાની કાર્યવાહી માત્ર દેખાડા

**ઘી, બેસન** અને ડ્રાયફ્રુટ્સના સેમ્પલ લેવાયા ખરા, પરંતુ સમયસર રિપોર્ટ ન આવવાથી ભેળસેળયુક્ત માલ ગ્રાહકોના પેટમાં પચી જવાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૯

શહેરમાં દિવાળીના તહેવારોની ધૂમ શરૂ થઈ ચૂકી છે અને બજારોમાં ખરીદી માટે ભારે ભીડ જામી રહી છે. આ ઉત્સાહ વચ્ચે નાગરિકોના સ્વાસ્થ્યની રક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા એક્શન પ્લાન બનાવાયાના દાવા થઈ રહ્યા છે. તાજેતરમાં જ શહેરના મુખ્ય વેપારી કેન્દ્ર ગણાતા ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

તહેવારોની મોસમમાં બજારમાં મીઠાઈ, ફરસાણ અને તેના રો-મટીરિયલની માંગ અચાનક વધી જતી હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગે ચેકિંગ દરમિયાન બેસન, શુદ્ધ ઘી, ડ્રાયફ્રુટ્સ અને વિવિધ પ્રકારની મીઠાઈઓ તથા ફરસાણના શંકાસ્પદ નમૂના કબ્જે કરી લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા. તંત્રની આ કામગીરી પ્રશંસનીય જરૂર છે, પરંતુ તેની પાછળ રહેલી લાંબી પ્રક્રિયા અને મોડા આવતા રિપોર્ટના કારણે નાગરિકોના સ્વાસ્થ્ય સામે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે.

સ્થાનિક નાગરિકો અને ગ્રાહક સુરક્ષા સાથે સંકળાયેલા આગેવાનોમાં આ બાબતે ભારે ચિંતા જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે, જો આરોગ્ય વિભાગ દ્વારા નમૂના લેવામાં આવે અને તેનો લેબોરેટરી રિપોર્ટ આવવામાં સપ્તાહો કે મહિનાઓ નીકળી જાય, તો તેનો શું અર્થ ? સામાન્ય રીતે દિવાળી જેવા તહેવારોમાં ખવાતી મીઠાઈઓ અને ફરસાણની મુદત ખૂબ ટૂંકી હોય છે. નમૂના લીધાના અઠવાડિયાઓ બાદ જ્યારે રિપોર્ટ "ફેઈલ" હોવાનું બહાર આવે છે, ત્યારે તે ખાદ્યચીજો ક્યારનીય લોકોના ઘરોમાં ખવાઈ ચૂકી હોય છે. પરિણામે, નાગરિકોનું સ્વાસ્થ્ય જોખમાઈ ચૂક્યું હોય છે અને તંત્ર માત્ર કાગળ પર જ કાર્યવાહી કર્યાનો સંતોષ માને છે.

આરોગ્ય નિષ્ણાતોનું માનવું છે કે તહેવારો દરમિયાન લોકોના સ્વાસ્થ્ય સાથે ખેલ કરનારા ભેળસેળિયાઓ સામે જો કડક અને તાત્કાલિક પગલાં ભરવા હોય, તો ઓન-ધ-સ્પોટ ટેસ્ટિંગ કિટ્સનો વ્યાપક ઉપયોગ કરવો જોઈએ અથવા તો લેબોરેટરીના રિપોર્ટ રેકોર્ડબ્રેક ઝડપે આવે તેવી વ્યવસ્થા ગોઠવવી અનિવાર્ય છે.

ખંડેરાવ માર્કેટ વિસ્તારમાંથી લેવાયેલા નમૂનાઓના રિપોર્ટ જો સમયસર અને પારદર્શક રીતે બહાર નહીં આવે, તો તહેવારોની મીઠાશ નાગરિકો માટે ઝેર સમાન સાબિત થઈ શકે છે.

### વડોદરાની વિઝા કન્સલ્ટન્સી અને ખંભાતના એજન્ટનું કારસ્તાન

# યુકે-કેનેડાના વર્ક પરમિટના નામે દંપતી સહિત ૩ લોકો સાથે રૂ.૮૪.૧૯ લાખની છેતરપિંડી

**નોકરી કે** વિઝા નહીં મળતાં નાણાં માગ્યા તો જાનથી મારી નાખવાની ધમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 29

વિદેશમાં સારી નોકરી મેળવીને સ્થાયી થવાના સપના જોતા લોકો સાથે છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. યુકે અને કેનેડામાં વર્ક પરમિટ અપાવી નોકરી અપાવવાની લાલચ આપી દંપતી સહિત છ લોકો પાસેથી રૂ. 84.19 લાખ પડાવી લીધા હોવાના આક્ષેપ સાથે વડોદરાની વિઝા કન્સલ્ટન્સીના સંચાલક સંજય કૃષ્ણા રાવ, ખંભાતના ગ્લોબટ્રોટર ઓવરસીઝના સંચાલક પાર્થ પટેલ સહિતના લોકો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. વિદેશ મોકલવાના નામે લાખો રૂપિયા લીધા હોવા છતાં વચન મુજબની પ્રક્રિયા પૂર્ણ ન થતાં અરજદારોએ નાણાં પરત માગ્યાં હતાં. આ સમયે ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ આક્ષેપ કરાયો છે. ગોરવા પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

ખંભાતના મોચીવાડ વિસ્તારમાં રહેતી પિનલબેન ધવલકુમાર પ્રજાપતિએ નોંધાવેલી ફરિયાદ મુજબ યુકેમાં વર્ક પરમિટ મેળવી નોકરી કરવા માગતાં હોવાથી સારી વિઝા કન્સલ્ટન્સીની શોધમાં હતાં. આ દરમિયાન ખુશી ટ્રાવેલ્સના સંચાલક નિશાંત તલાટી મારફતે વડોદરાના ગેંડા સર્કલ પાસે સારાભાઈ કેમ્પસમાં આવેલી એરીકા ડિજિટલ પ્રા.લિ.ના સંચાલક સંજય કૃષ્ણા રાવનો સંપર્ક થયો હતો. ઓક્ટોબર-2023માં થયેલી વાતચીત દરમિયાન ત્રણ મહિનામાં યુકેની વર્ક પરમિટની પ્રક્રિયા પૂર્ણ કરી આપવાની ખાતરી આપી રૂ. 27 લાખનો ખર્ચ જણાવાયો હતો.

મહિલાએ ઓક્ટોબર અને નવેમ્બર-2023 દરમિયાન રજિસ્ટ્રેશન સહિતના ખર્ચ પેટે ટુકડે-ટુકડે રૂ. 5 લાખ રોકડા આપ્યા હતા. ત્યારબાદ ડિસેમ્બર-2023માં જોબ લેટર અપાવવાના નામે વધુ રૂ. 11 લાખના ચેક આપવામાં આવ્યા હતા. જોકે, જોબ લેટરમાં ખામીઓ જણાતાં મહિલાએ રજૂઆત કરી હતી. ત્યારબાદ સંજય રાવે ખંભાતના પાર્થ પટેલ મારફતે આગળની પ્રક્રિયા કરાવવાની વાત કરી હતી. જાન્યુઆરી-2025માં નોટરી કરાર કરવામાં આવ્યો હતો. પિનલબેન, તેમના પતિ અને પુત્રીના પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (PCC) તથા મેડિકલની પ્રક્રિયા કરાવવા છતાં વર્ક વિઝા મળ્યા ન હતા. રૂ. 21 લાખમાંથી રૂ. 3 લાખ પરત અપાયા બાદ બાકીના રૂ. 18 લાખ પરત આપ્યા ન હતા.

#### અન્યોને પણ નિશાન બનાવાયાનો આક્ષેપ

આ કથિત કૌભાંડમાં કેનેડામાં નોકરી અપાવવાના નામે અન્ય અરજદારોને પણ નિશાન બનાવાયા હોવાનો આક્ષેપ છે. અમી રાજ મહેતા અને રાજ અશોક મહેતા પાસેથી રૂ. 21.70 લાખ જેટલી રકમ મેળવ્યા બાદ વર્ક પરમિટ લેટરમાં દર્શાવ્યા મુજબની નોકરી અપાઈ ન હોવાની રજૂઆત કરવામાં આવી છે. જ્યારે મકરપુરા રોડની દિવ્યજ્યોત સોસાયટીમાં રહેતા ગિરીશભાઈ ચુકલાના પુત્ર પાર્થને કેનેડામાં નોકરી અપાવવાની ખાતરી આપી રૂ. 39.89 લાખ લેવામાં આવ્યા હોવા છતાં વચન પૂરું કરવામાં આવ્યું ન હતું.

### માંજલપુરના વેપારી અને પત્નીના બેંક ખાતાં પર તરાપ છતાં સાયબર ક્રાઇમ કુંભકર્ણની નિદ્રામાં

# વેડિંગ ઇન્વિટેશનની APK ફાઈલ ખોલતાં જ મોબાઈલ હેક, કોન્ટ્રાક્ટરના રૂ.૧૭.૦૪ લાખ સાફ

**ઓગસ્ટમાં** અમેરિકા પરથી પરત આવ્યા બાદ ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 29

વડોદરા શહેરમાં સાયબર ઠગો હવે લગ્નના આમંત્રણના નામે APK ફાઈલ મોકલી લોકોનાં બેંક ખાતાં ખાલી કરી રહ્યા છે. માંજલપુરમાં રહેતા 64 વર્ષીય વેપારીએ મિત્રના વોટ્સએપ નંબર પરથી આવેલી વેડિંગ ઈન્વિટેશનની APK ફાઈલ ખોલતાં જ સાયબર ઠગાઈનો ભોગ બન્યા હતા. ઠગોએ વેપારી અને તેમનાં પત્ની સુધાબેનનાં અલગ-અલગ બેંક ખાતાંમાંથી કુલ રૂ.17.04 લાખ ટ્રાન્સફર કરી લીધા હતા. માર્ચમાં સાયબર ક્રાઈમના નેશનલ પોર્ટલ પર અરજી કરવા છતાં રકમ પરત ન મળતાં વેપારીએ અંતે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ઘટનાની વિગતો મુજબ, 20 માર્ચ, 2026ના રોજ વેપારીના મિત્રના મોબાઈલ નંબર પરથી વોટ્સએપ પર લગ્નના આમંત્રણની APK ફાઈલ આવી હતી. મિત્રના નંબર પરથી મેસેજ આવ્યો હોવાથી વેપારીએ વિશ્વાસ રાખીને ફાઈલ ડાઉનલોડ કરી ખોલી હતી. બીજા દિવસે અન્ય મિત્રએ ફોન કરીને તેમના નંબર પરથી પણ આવી જ ફાઈલવાળો મેસેજ મળ્યો હોવાનું જણાવ્યું હતું. 23 માર્ચે સવારે આશરે આઠ વાગ્યે વેપારીએ મોબાઈલ તપાસતાં પોતાનાં અને પત્નીનાં બેંક ખાતાંમાંથી નાણાં ટ્રાન્સફર થયાના મેસેજ જોવા મળ્યા હતા. અલગ-અલગ બેંકોનાં સેવિંગ્સ એકાઉન્ટમાંથી રૂ.17.04 લાખ ઉપડી ગયાનું જાણવા મળતાં દંપતીને મોટો આર્થિક ફટકો પડ્યો હતો. વેપારીએ બેંકનો સંપર્ક કરતાં મેનેજરે સાયબર ક્રાઈમના હેલ્પલાઈન નંબર 1930 પર ફરિયાદ કરવાની સલાહ આપી હતી. ત્યારબાદ પત્નીએ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી અને 23 માર્ચે નેશનલ પોર્ટલ પર પણ અરજી કરવામાં આવી હતી. વેપારી અમેરિકા ગયા બાદ ઓગસ્ટમાં પરત ફર્યા હતા. ગુમાવેલી રકમમાંથી એક પણ રૂપિયો પરત નહીં મળતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

#### સાયબર ક્રાઇમની કામગીરી સામે સવાલ

રૂ.17 લાખથી વધુની ઠગાઈમાં નાણાં કયા ખાતાંમાં ટ્રાન્સફર થયાં, લાભાર્થી ખાતાં ફ્રીઝ કરવા શું કાર્યવાહી થઈ અને રકમ પરત મેળવવા કેવા પ્રયાસો કરાયા તે મુદ્દે સવાલો ઊભા થયા છે. જોકે, પોલીસની વાસ્તવિક કાર્યવાહી અને વિલંબનાં કારણો તપાસ બાદ જ સ્પષ્ટ થશે. આ ઘટના અજાણ્યાં APK ફાઇલ ડાઉનલોડ કરવા સામે સાવચેત રહેવાની જરૂરિયાત પણ દર્શાવે છે.

## મેજિક દીવા અને ફેન્સી કોડિયાની ઘૂમ ખરીદીથી કારીગરોના ચહેરા ખીલ્યા



ફતેપુરાના ૧૫૦ વર્ષ જૂના કુંભારવાડામાં દિવાળીના દીવા બનાવવાની કામગીરી તેજ બની છે. પેઢીઓથી માટીકામની પરંપરા જાળવતા ૩૦ જેટલા કારીગર પરિવારો સાદા કોડિયા, ફેન્સી દીવા અને પૂજાનાં કુંડા તૈયાર કરવામાં વ્યસ્ત છે. આધુનિક સજાવટ વચ્ચે પણ માટીના દીવાઓની માંગ વધતાં કારીગરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સ્થાનિક કારીગરોની મહેનતથી પરંપરાગત કળા જીવંત રહી છે અને અનેક પરિવારોને રોજગારી મળી રહી છે.

# પ્રેમીને ઝેરી દવા પીવડાવી હત્યા કરનાર દંપતીને આજીવન કેદ

**વડોદરાના** ચકચારી પ્રેમ પ્રકરણના હત્યા કેસમાં અદાલતનો ચુકાદો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 29

વડોદરામાં પ્રેમ પ્રકરણની અદાવતમાં યુવકને ઝેરી દવા પીવડાવી હત્યા કરવાના ચકચારી કેસમાં અદાલતે પતિ-પત્નીને આજીવન કેદની સજા ફટકારી છે. સાક્ષીઓની જુબાની અને 75થી વધુ પુરાવાઓના આધારે અદાલતે બંનેને દોષિત ઠેરવ્યાં હતાં. લાંબી કાનૂની પ્રક્રિયા બાદ આવેલા ચુકાદાથી ચકચારી હત્યા કેસનો ન્યાયિક અંત આવ્યો છે.

વડોદરામાં પ્રેમ પ્રકરણની અદાવતમાં યુવકની ઝેરી દવા પીવડાવી હત્યા કરવાના ચકચારી કેસમાં અદાલતે પતિ-પત્નીને આજીવન કેદની સજા ફટકારી છે. પ્રેમસંબંધના કારણે સર્જાયેલી અદાવત રાખી યુવકની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં સરકારી પક્ષના વકીલ કે એમ જોશીએ આરોપીઓ સામે ગુનો સાબિત કરવા માટે મજબૂત પુરાવાઓ રજૂ કર્યા હતા. જેના આધારે અદાલતે બંનેને દોષિત ઠેરવ્યાં હતાં અને સજા ફટકારતી હતી. કેસની સુનાવણી દરમિયાન અદાલત સમક્ષ સરકારી પક્ષ દ્વારા 30 સાક્ષીઓની જુબાની રજૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત ગુનાને લગતા 75થી વધુ પુરાવાઓ પણ રજૂ કરવામાં આવ્યા હતા. સાક્ષીઓની જુબાની અને પુરાવાઓના આધારે કેસની વિવિધ કડીઓ જોડવામાં આવી હતી. સમગ્ર કેસની સુનાવણી દરમિયાન રજૂ થયેલી હકીકતો અને પુરાવાઓને ધ્યાનમાં લીધા બાદ અદાલતે પતિ-પત્નીને હત્યાના ગુનામાં દોષિત ઠેરવ્યાં હતાં. પ્રેમ પ્રકરણની અદાવતમાં યુવકને ઝેરી દવા પીવડાવી મોતને ઘાટ ઉતારવાના આ બનાવે ચકચાર જગાવી હતી. લાંબી કાનૂની પ્રક્રિયા બાદ આવેલા ચુકાદામાં અદાલતે બંને આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. 30 સાક્ષીઓની જુબાની અને 75થી વધુ પુરાવાઓના આધારે આ ચુકાદાથી હત્યાના કેસમાં આરોપી દંપતીને કડક સજા થઈ છે.

### GEB એન્જિનિયર્સ એસોસિએશનની જાહેરાત

# જેટકોમાં વધતા કાર્યબોજ સામે ઈજનેરોમાં રોષ,આંદોલનના મંડાણ

**30 ઓક્ટોબરે** કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન

**1 નવેમ્બરથી** વર્ક-ટુ-રૂલ, વડોદરા કોર્પોરેટ ઓફિસ બહાર દેખાવો

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (જેટકો) મેનેજમેન્ટની બેદરકારી અને વધતા કાર્યબોજ સામે રાજ્યભરના ઈજનેરો આંદોલનના મૂડમાં આવી ગયા છે. જીઈબી એન્જિનિયર્સ એસોસિએશન દ્વારા વિરોધ કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે.

એસોસિએશનના મહામંત્રી એસ.ડી. પટેલના જણાવ્યા મુજબ, લાંબા સમયથી જેટકોના ઈજનેરોને કોઈપણ વધારાના નાણાકીય લાભ વગર વધારાની કામગીરી સોંપવામાં આવી રહી છે. છેલ્લા છ વર્ષમાં આશરે 100 નવા સબસ્ટેશનોનો ઉમેરો થયો હોવા છતાં પૂરતા નવા કર્મચારીઓની ભરતી કરવામાં આવી નથી. પરિણામે હાલના ઈજનેરો પર કામનું ભારણ સતત વધી રહ્યું છે. આ પરિસ્થિતિમાં ઈજનેરો પર સમયસર કામગીરી પૂર્ણ કરવાનું દબાણ પણ વધી રહ્યું છે, જેની અસર કાર્યક્ષમતા અને કર્મચારીઓના કામના આયોજન પર પડી શકે છે.

એસોસિએશનની મુખ્ય ત્રણ માંગણીઓમાં સરકાર દ્વારા મંજૂર મહેકમ મુજબની જગ્યાઓ મંજૂર કરીને તાત્કાલિક ભરતી કરવી, નવા ઈજનેરોની નિમણૂક કરવી તથા વધારાના કાર્યભારના પ્રમાણમાં યોગ્ય નાણાકીય લાભ આપવાનો સમાવેશ થાય છે.

જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, તા. 30 ઓક્ટોબરથી તમામ ઈજનેરો કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવશે અને વડોદરા કોર્પોરેટ ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કરશે. ત્યારબાદ પણ માંગણીઓનો ઉકેલ નહીં આવે તો તા. 1 નવેમ્બરથી તમામ ઈજનેરો વર્ક-ટુ-રૂલ મુજબ જ કામગીરી કરશે અને વધારાનો કાર્યભાર છોડી દેશે. ઈજનેરોની માંગણીઓનો સમયસર ઉકેલ આવે અને વધતા કાર્યબોજ સામે યોગ્ય વ્યવસ્થા ઊભી થાય તે માટે મેનેજમેન્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી હોવાનું એસોસિએશન દ્વારા જણાવાયું હતું. આંદોલનને પગલે આગામી દિવસોમાં જેટકો મેનેજમેન્ટ શું નિર્ણય લે છે તેના પર ઈજનેરોની નજર રહેશે.

### ક્રોસ FIR કેસમાં ચાર્જશીટ દાખલ કરવા પર રોક

# યુનિ. ગણેશ આગમન વિવાદ, ABVPના કાર્યકર્તાઓને હાઈકોર્ટમાંથી રાહત

**તપાસ** ચાલુ રાખી શકાશે પણ કોર્ટની પૂર્વ મંજૂરી વિના ચાર્જશીટ નહીં

**1 ડિસેમ્બર** સુધીનો વચગાળાનો હુકમ,હુકમને એબીવીપીએ ન્યાય મળ્યો હોવાનું ગણાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી ખાતે ગણપતિ ઉજવણી દરમિયાન ગણેશ આગમન સમયે થયેલા વિવાદ મામલે નોંધાયેલી ક્રોસ એફઆઈઆરના કેસમાં એબીવીપીના વિદ્યાર્થી કાર્યકર્તાઓને ગુજરાત હાઈકોર્ટમાંથી મહત્વપૂર્ણ રાહત મળી છે.

એબીવીપી વડોદરા મહાનગર દ્વારા જારી કરાયેલી પ્રેસનોટ મુજબ, આ મામલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ વેદ મનીષ ત્રિવેદી અને અન્ય દ્વારા હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન દાખલ કરવામાં આવી હતી. આ અરજીની સુનાવણી ન્યાયમૂર્તિ જે. સી. દોશીની કોર્ટમાં હાથ ધરવામાં આવી હતી.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે અરજીમાં રૂલ ઈસ્યુ કરી કેસને 1લી ડિસેમ્બર સુધી મુલતવી રાખ્યો છે. સાથે જ કોર્ટે સ્પષ્ટ આદેશ કર્યો છે કે, તપાસ ચાલુ રાખી શકાશે, પરંતુ કોર્ટની પૂર્વ મંજૂરી વિના ચાર્જશીટ દાખલ કરી શકાશે નહીં. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ તરફથી એડવોકેટ દર્શન એ. દવે અને એડવોકેટ યશ એ. ગોપલાણી હાજર રહ્યા હતા. આ હુકમને એબીવીપીએ ન્યાય મળ્યો હોવાનું ગણાવ્યું છે.

### જાણ્યા-વાંચ્યા વગર મિલકતો વેરો ભરવા વોર્ડ ઓફિસોમાં ભીડ

# પાલિકાએ છાપાં અને વેબસાઈટ પર મુદત વધારાની જાહેરાત કરી છતાં નાગરિકોની લાઈનો

**લોકોએ** કલાકો સુધી હાલાકી ભોગવીને તંત્ર પર દોષનો ટોપલો ઢોળ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરના પશ્ચિમ ઝોનમાં આવેલી વિવિધ વોર્ડ કચેરીઓ પર મિલકત વેરો ભરવા માટે વહેલી સવારથી જ નાગરિકોની લાંબી કતારો જોવા મળી હતી. ખાસ કરીને વોર્ડ નંબર ૮, ૯, ૧૦ અને ૧૧ સહિતની કચેરીઓમાં લોકો વેરો જમા કરાવવા ભાગમભાગ કરતા નજરે પડ્યા હતા.



વાસ્તવિકતા એ છે કે, લોકો વેરો ભરવા પહોંચે તે પહેલાં જ વડોદરા મહાનગરપાલિકા તંત્ર દ્વારા વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને તથા પાલિકાની અધિકૃત વેબસાઈટ પર સ્પષ્ટપણે વેરો ભરવાની છેલ્લી મુદત એક માસ માટે લંબાવવામાં આવી હોવાની વિગતો જાહેર કરી દેવાઈ હતી. આમ છતાં, કરદાતાઓએ સમાચારપત્રો કે વેબસાઈટ પર આપેલી માહિતી વાંચવાની કે ચકાસવાની તસ્દી લીધા વિના જ આંધળી દોડ મૂકી હતી.

પોતાની અજ્ઞાનતા અને જાણ્યા-વાંચ્યા વગર ઉતાવળે કચેરીઓએ પહોંચેલા લોકોએ કલાકો સુધી લાઈનોમાં ઉભા રહીને હાલાકી ભોગવી હતી. પોતાના વાંક અને બેદરકારીને બદલે નાગરિકોએ ઉલટાનું પાલિકા તંત્ર પર દોષનો ટોપલો ઢોળીને વાંક કાઢવાનું શરૂ કર્યું હતું.